ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ

અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, GSOS(Gujarat State Open School) મારફતે ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ(એચ.એસ.સી) ની પરીક્ષા આપવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે નવેમ્બર-ડિસેમ્બર-૨૦૨૬ માં ખાસ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. નવેમ્બર-ડિસેમ્બર-૨૦૨૬ માં યોજાનાર GSOSની પરીક્ષા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાની અંતિમ તા: ૦૬/૧૦/૨૦૨૬ હતી, જે તા. ૧૫/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી લંબાવવામાં આવે છે. બોર્ડની વેબસાઇટ **gseb.org** પરથી ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ખાતે નોંધાયેલ તમામ શાળાઓ મારફતે રજીસ્ટ્રેશન કરી શકાશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લઇ સમય મર્યાદામાં આવેદનપત્રો ભરવા જણાવવામાં આવે છે. તમામ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ફરજિયાત ઓનલાઇન ભરવાના રહેશે. જે અંગેની જરૂરી સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પર મૂકવામાં આવશે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા
સચિવ
ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ સોસાયટી
(GSOS)

તારીખ: ૦૬/૧૦/૨૦૨૬
સ્થળ :- ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી
મા. અને ઉ.માં.શાળાઓ તમામ,
જિ. વડોદરા.

રવાના- જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા